# દેમાસ સંસારને વહાલો કરનાર સહકાર્યકર

## ફાધર વર્ગીસ પોલ

દેમાસ નામનો અર્થ થાય છે લોકપ્રિય. દેમાસ સંત પાઉલના સહકાર્યકર અને સાથીદાર છે. એમના વિશે આપણને પાઉલના ત્રણ પત્રોમાં ઉલ્લેખ મળે છે.

કલોસ્સાના ધર્મસંઘ પર પાઉલના પત્રમાં પોતાના વહાલા વૈદ લૂક સાથે લોકોને દેમાસનું પણ વંદન પાઠવે છે. વહાલા વૈદ લૂક અને દેમાસ પણ તમને વંદન લખાવે છે. (કલોસ્સા ૪, ૧૪).

ફિલોમોન પરના પોતાના પત્રમાં પાઉલ માર્ક, લૂક જેવા સહકાર્યકરો સાથે ફિલોમોનને દેમાસનું વંદન મોકલે છે. મારા જેવો જ ખ્રિસ્ત ઈસુનો બંદો એપાફ્રાસ, તેમ જ મારા સહકાર્યકર માર્ક, આરિસ્તાર્ખસ, દેમાસ અને લૂક પણ તમને વંદન પાઠવે છે (ફિલેમોન ૨૩-૨૪).

છેલ્લે તિમોથી પરના બીજા પત્રમાં પાઉલે દેમાસ પોતાને છોડી ગયાની વાત કરી છે. પાઉલ તિમોથીને લખે છે,મારી પાસે જલદી આવી પહોંચવા પ્રયત્ન કરજે, કારણ, દેમાસ આ સંસારને વહાલો કરી મને છોડીને થેસ્સલોનિકા ચાલ્યો ગયો છે, અને તિતસ દલ્મતિયા ઊપડી ગયો છે(૨ તિમોથી ૪, ૯-૧૦).

સંત પાઉલ ફિલિપ્પીના ધર્મસંઘ પરના પત્રમાં તિમોથીને મારી સાથે એક જીવ થઈ ગયેલા અને નીવડેલા સેવક તરીકે વખાણ કરે છે. પાઉલ લખે છે, મારી સાથે એકજીવ થઈ ગયેલો એના જેવો મારી પાસે બીજો કોઈ નથી, જેને તમારા હિતની સાચી ચિંતા હોય અને વધુમાં ઉમેરે છે, સૌ સ્વાર્થના સગા છે, કોઈને ઈસુ ખ્રિસ્તની પડી નથી (ફિલિપ્પી ૨, ૨૦-૨૧).

દેમાસ પાઉલ સાથે રોમમાં લાંબો સમય રહ્યો હતો. ઉપરોકત ‘સ્વાર્થના સગાનું વર્ણન દેમાસને લાગુ પડે છે ? રોમમાં દેમાસ પાઉલ સાથે વફાદાર અને વિશ્વાસપાત્ર રહ્યો હતો ? આપણને ચોક્કસ ખબર નથી.

છતાં દેમાસ વિશે કેટલીક બાબતો આપણને કલ્પ શકીએ છીએ. દેમાસ થેસ્સલોનિકા પાછો ફર્યો હતો. એથી આપણે માની શકીએ કે દેમાસ થેસ્સલોનિકાનો વતની હોવો જોઈએ. જ્યારે પાઉલે ઉત્તર ગ્રીસમાં આવેલા થેસ્સલોનિકા શહેરમાં ઈસ્વીસન ૫૦ની શુભસંદેશનો પ્રચાર કર્યો હતો (પ્રે.ચ. ૧૭, ૧-૯) ત્યારે ઘણી ગ્રીકો અને યહૂદીઓની જેમ દેમાસે પણ શુભસંદેશનો સ્વીકાર કર્યો હશે. એટલું જ નહિ, પણ ઉત્સાહ અને ધગશથી પાઉલના શિષ્ય બનીને તેમની સાથે રોમ પહોંચ્યા હશે. પાઉલને રોમના ખાસ કેદખાનામાં કે ઘરના કેદી જોઈને દેમાસને ખ્યાલ આવ્યો હશે કે ઈસુને અનુસરવામાં ક્રોસ પણ ઉંચકવો

પડશે અને દેમાસ આ અઘરો પંથ પોતાને માટે નથી, એમ માનીને પાઉલને છોડીને પોતાના વતન ચાલ્યો ગયો હશે.

અહીં આપણે દેમાસને નવેસરથી ખ્રિસ્તી બનેલા માણસ સાથે સરખાવી શકીએ. નવા અપનાવેલા ધર્મમાંથી કંઈક ફાયદો ઉઠાવી શકીએ ત્યાં સુધી તેને અનુસરવામાં કોઈ વાંધો નથી. પરંતુ મુશ્કેલીઓ અને વિટંબણાઓનો સામનો કરવાનો હોય ત્યારે કેટલાક લોકો નવા અપનાવેલા ધર્મને તરછોડીને પોતાના ટેવાયેલા જૂના ધર્મમાં જ પાછો આશરો લે છે. દેમાસને લાગતી હકીકતનો સામનો કરતાં પાઉલ દુઃખી થઈને તિમોથી પરના બીજા પત્રમાં લખે છેદેમાસ આ સંસારને વાલો કરી મને છોડીને થેસ્સલોનિકા ચાલ્યો ગયો છે(૨ તિમોથી ૪, ૧૦).

દેમાસે આ સંસારને વહાલો કર્યો છે એમ કહેવામાં પાઉલનો મતલબ શું છે ? જેરોમ બિબિલિક્લ કોમેન્ટરી આ અંગે નોંધે છે, દેમાસે ખ્રિસ્તી ધર્મને તજ્યો છે. એટલે રોમમાં દેમાસે પાઉલને તરછોડીને ખુદ પોતાના કંઈક ધંધામાં ઝંપલાવ્યું હશે કે પોતાની સુરક્ષા અને એશ આરામને વહાલો ગણ્યો હશે.